Rotary Club Of Surat

Weekly E-Bulletin
# Sudarshan
R.I. Dist : 3060 I Charter No. 15200 I Charter Date 18-9-1937

IMAGINE ROTARY

**Club Office :** Dr. Sarosh Bhacca Memorial Rotary Hall, Jivan Bharti School Annexe, Timaliyawad, Surat-395001. Gujarat, India.
E-mail : rotaryclubofsurat@gmail.com, Web : www.rotaryclubofsurat.org

ISSUE 07 / 12-08-22 | EDITORS : DR. NEETA GANDHI, MANJARI DESAI, PURVI CHAUHAN | MEMBERSHIP EXTENSION MONTH

## RYLA – Rotary Youth Leadership Awards

રોટરી કલબ ઓફ સુરતના ઉપક્રમે RYLA – રોટરી યુથ લીડરશીપ એવોર્ડના પાંચ દિવસીય કેમ્પની વનિતા વિશ્રામ યુનિવર્સિટી ખાતે શરૂઆત.

યુવાનોને અલગ અલગ વિષયોની તાલીમ મળી રહે તે માટે સામાજિક સંસ્થા રોટરી ખૂબ સક્રિય છે અને તેના માટે તેઓ અલગ અલગ કોલેજોમાં RYLA એટલે કે રોટરી યુથ લીડરશીપ એવોર્ડ કાર્યક્રમનું આયોજન કરે છે. વિવિધ ફેકલ્ટીઓ દ્વારા યુવાનોને પ્રેરિત કરે તેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવે છે.

સોમવાર, તા. ૦૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વનિતા વિશ્રામ યુનિવર્સિટી ખાતે ૧૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓ માટેના રાયલા કેમ્પની શરૂઆત મહાનુભાવો દ્વારા છોડમાં પાણી પીવડાવીને કરવામાં આવી હતી.

ડીન ડૉ. મનિષાબેન વ્યાસે સ્વાગત પ્રવચન કરીને આ કેમ્પની પ્રસ્તુતતા વિશે સમજ આપી હતી.

ઉદ્ઘાટન સમારોહના પ્રાસંગિક પ્રવચનમાં રોટરી કલબ ઓફ સુરતના પ્રમુખ રોટેરિયન તેજસ ગાંધીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીનીઓમાં લીડરશીપ સ્કીલ વિકસિત થાય અને મહિલાઓ વધુને વધુ આત્મ નિર્ભર બને તે આ કેમ્પનો હેતુ છે.

રોટરી કલબ ઓફ સુરતના મંત્રી રોટેરિયન કુંદન શાહ અને આ કેમ્પના સંયોજક રોટેરિયન નિકેત શાસ્ત્રીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીનીઓ આ પાંચ દિવસ દરમ્યાન તમામ ફેકલ્ટીના નિષ્ણાંત જ્ઞાનનો લાભ લે અને ગંભીરતાથી જીવનમાં તેનો સ્વીકાર કરે તો જીવનની દિશા બદલી શકાય છે.

પ્રથમ દિવસના વક્તા રોટરી કલબ ઓફ સુરતના ભૂતપૂર્વ પ્રમુખ રોટેરિયન નિખિલ મદ્રાસીએ કોમ્યુનિકેશન અને પાવર ઓફ પબ્લિક સ્પીકીંગ દ્વારા સૌને કઇ રીતે જીતી શકાય છે, તે વિશે સતત ૧૨૦ મિનિટ સુધી પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું. સંબોધન, વાર્તા, શાયરી,કવિતા, ગીત, ક્વોટેશન, ચોંકાવનારી હકીકત, પદાર્થના ઉપયોગ દ્વારા કઇ રીતે વક્તવ્યની શરૂઆત કરી શકાય તે વાતો પ્રસ્તુત કરી હતી.

આવનારા દિવસોમાં એડવોકેટ સ્નેહલ વકીલના સાયબર લોઝ, મનિષભાઈ વ્યાસ કઇ રીતે વિદ્યાર્થી અવસ્થામાં નાણાંકીય આયોજન કરવું જોઇએ?, ડૉ. નિકેત શાસ્ત્રી ટીમ બિલ્ડીંગ અને ડૉ. તૃપ્તિ પટેલ સ્ટ્રેસ મેનેજમેન્ટ વિષય પર વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપશે.








**R.I.PRESIDENT**
JENNIFER JONES

**DISTRICT GOVERNOR**
SHRIKANT INDANI

**PRESIDENT**
CA TEJAS GANDHI
M : 93273 61002

**HON. SECRETARY**
KUNDAN SHAH
M : 93772 21905

**I.P.P. :**
BHISHMA JARIWALA

**PRESIDENT ELECT :**
SANDEEP NANAVATI

**PRESIDENT NOMINEE :**
CA VIJAY METHWANI

**HON. TREASURER :**
NILESH JARIWALA

**HON. JT. SECRETARY :**
KETAN PATEL

**DIRECTORS :**
DR. AJAY MAHAJAN
KAMAL GANDHI
ALPESH SHETRANJIWALA
JAI MISTRY
VINEET PANCHAL

**SGT. AT ARMS :**
MRUNAL KOTHARI
UMANG DALAL
MEGHAL BAXI

We meet at 7.30 pm
on Every Friday at
Club Office Address

## RI President's Initiatives:

Rotary International President Jennifer Jones imagines a Rotary where members act to make their dreams become reality and make the most of their club experiences.



Jones will focus on four presidential initiatives that Imagine Rotary:

1. advancing our commitment to Diversity, Equity, and Inclusion (DEI)
2. creating a welcoming club experience
3. empowering girls
4. expanding our reach

- ### Imagine: Diversity, Equity, and Inclusion (DEI)

Rotary strengthened its commitment to diversity, equity, and inclusion in order to celebrate each person's contributions, advance equity, and create an inclusive culture where every member and participants knows they are valued. Diversity is one of Rotary's longstanding core values and greatest strengths.

- ### Imagine Comfort and Care

Making people feel included and welcomed is the most powerful way we can engage members. Listen to your members to understand why they joined Rotary and what they expect and want from their experience.

- ### Imagine Empowering Girls

Jones will continue the initiative of 2021-22 RI President Shekhar Mehta to encourage members to improve the health, well-being, education and economic security of girls.

- ### Imagine Expanding Rotary's Reach

Over the coming years, Jones will visit eight service projects, each one representing Polio eradication or one of Rotary's area of focus. The tour will provide examples of how Rotary can make a measurable difference , while also introducing Rotary to new audiences and to potential partners and influencers.






Rotary Club Of Surat

Weekly E-Bulletin
# Sudarshan
R.I. Dist : 3060 I Charter No. 15200 I Charter Date 18-9-1937

IMAGINE ROTARY

ISSUE 07

Rotary | PEOPLE OF ACTION

## પાલ આંગણ વાડી







દેશની લગામ ભવિષ્યમાં, અત્યારના ભૂલકાંઓના હાથમાં છે. આ ભૂલકાંઓ તંદુરસ્ત રહે એ ખૂબ જરૂરી છે. એઓ માસૂમ છે પણ દેશની તાકાત છે, શક્તિ છે. તેથી બાલ આંગણવાડીના ભૂલકાંઓને દર શનિવારે રોટરી કલબ ઓફ સુરત ના સદસ્યો પૌષ્ટિક નાસ્તો આપે છે. તા.૦૬/૦૮/૨૨ ના દિવસે જેઓ હંમેશા સદ્કાર્યના સ્વસ્તિકમાં રંગો ભરતાં રહે છે એવા પૂર્ણિમાબેન ગાંધી, રોટેરીયન ચંદ્રેશભાઇ શેઠ અને ઈલાબેન શેઠ દ્વારા આપવામાં આવેલ નાસ્તો લઈને પાલ આંગણવાડી પહોંચી ગયા. લગભગ ૪૦ જેટલા માસૂમ બાળકોને નાસ્તો વહેંચી એમની સાથે સમય પસાર કરી પૂર્ણિમાબેને મધુર હાસ્યથી છલકતું બાળપણ માણ્યું.

## પ્રોજેક્ટ - હૂંફ





'જનનીની જોડ સખી નહી જડે રે લોલ'
મા ગરીબ હોય કે તવંગર એનાથી કોઈ ફરક નથી પડતો. દરેક માતા પોતાના બાળકને તન અને મનથી તંદુરસ્ત બનાવવા માંગે છે પણ જો આ બાળકને જન્મ આપનારી માતા જ સ્વસ્થ ન હોય તો બાળક ક્યાંથી સ્વસ્થ આવે?
રોટરી કલબ,સુરત દર મહિને ગરીબ ગર્ભવતી મહિલાઓ ખાન– પાન અને જ્ઞાનથી વંચિત ન રહે એ હેતુથી તેમને પૌષ્ટિક ખોરાક તથા તે વિષયના નિષ્ણાત દ્વારા જરૂરી જ્ઞાન આપવાનું મહત્વનું કાર્ય કરે છે એક સ્વસ્થ સમાજ અને સ્વસ્થ રાષ્ટ્ર નિર્માણના ભાગ બનવાની ઉમદા ભાવના સાથે
તા. ૦૬/૦૮/૨૨, શનિવારના રોજ રો. ચંદ્રેશભાઇ શેઠ અને રો. પાર્ટનર ઈલાબેન શેઠ ના સૌજન્યથી ગર્ભવતી મહિલાઓને જરુરી ખાદ્યસામગ્રી અપાઈ . સાથે જ ડાયટીશયન ડો. કિન્નરી કોઠારીએ આ મહિલાઓને પોતાના અને બાળકના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી ડાયટ ટિપ્સ આપી હતી.
આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન રો. પૂર્ણિમાબેન ગાંધી અને ફેની ગાંધીએ ખૂબ જ સુંદર રીતે કર્યું હતું.

## ડિજિટલ વિદ્યા દાન



ભારત આજે ડિજિટલ યુગમાં પ્રવેશી ચૂક્યો છે. કોમ્પ્યુટર મોબાઈલ જેવા સાધનોથી દુનિયા જાણે નજીક આવી ગઈ અને અનેક સુવિધાઓ ખૂણે ખૂણે પહોંચવા લાગી છે. દેશના નાના નાના ગામડાઓમાં પણ બાળકો મોટેરાઓ જો આ બધા જ્ઞાન અને સુવિધાઓથી પરિચિત થાય તો ભારત દેશની સૂરત બદલાઈ જાય.
અમલસાડી ગામની એક ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર વિષય ભણાવવામાં આવે પરંતુ કોમ્પ્યુટર વગર ! રોટરી કલબ સુરત એ વિચાર્યું કે પ્રેક્ટીકલ વગર આ જ્ઞાન કેવી રીતે મળી શકે ? એ શક્ય જ નથી અને 10 કોમ્પ્યુટર આ અમલસાડીની શાળામાં વિદ્યાર્થીઓની પ્રગતિ માટે આપ્યા .જેથી આ બાળકો પણ ડિજિટલ ઈન્ડિયાના ભાગ બની શકે .
આ પ્રોજેક્ટની આગેવાની પાસ્ટ પ્રેસિડેન્ટ ભીષ્માબેન અને પીડીજી હિતેશભાઈએ લીધી હતી. તારીખ ૦૬/૦૮/૨૨ ના રોજ અમલસાડીની શાળાની મુલાકાત માટે ભીષ્માબેન, હિતેશભાઈ, ભુપેન્દ્રભાઈ, રૂપેશભાઈ, રાજેશભાઈ, અશ્વિનભાઈ, સીએ જયેશભાઈ ઘીવાલા અને એમના ધર્મપત્ની ગયા હતા ત્યાંના બાળકોએ એમનું ખૂબ સરસ સ્વાગત કર્યું હતું અને આ બાળકોએ જ્યારે કોમ્પ્યુટરનો પ્રથમ સ્પર્શ કર્યો ત્યારે એમની ખુશીનો પાર ન રહ્યો.

Rotary Club Of Surat

Weekly E-Bulletin
# Sudarshan
R.I. Dist : 3060 I Charter No. 15200 I Charter Date 18-9-1937

IMAGINE ROTARY

ISSUE 07

## Upcoming Programs August'2022

13 August (Saturday) - Healthy food distribution at Pal Aanganwadi will be sponsored by R/P Daksha Shah and Hon. Sec. Kundan Shah
13 August (Saturday) - Movie Day – film 'Rakshabandhan' at Avadh Utopia
14 August (Sunday) - Installation of RCC Lajpore
15 August (Monday) - Flag Hoisting, Independence Day celebration
- at Raosaheb J C Munshi School
- at Uttar Buniyadi School, Amalsadi

19 August (Friday)- No Weekly meeting on occasion of Janmashtami

**RYLA – Rotary Youth Leadership Award** at Vanita Vishram Women's University 08 August (Monday) / 10 August (Wednesday) / 12 August (Friday) / 13 August (Saturday) / 17 August (Wednesday)

## Congratulations and Best Wishes

Rotaract Urav Mehta, son of R/P Purvi Mehta and PP. Rtn. Nimish Mehta is installed as Charter President of Rotary Club of Charusat for year 2022-2023.





## Know your Fellow Rotarian



Rtn. PP. Dr. Ajay Mahajan, has been associated with Rotary since 2016 and is Assistant Governor (2022 – 2023). His qualifications include M.B.B.S., DLO, MS (ENT), PGDHA.

He is a Consultant - ENT (Head & Neck Surgeon) at Krishna ENT Clinic since 2003. He also visits Mahavir hospital and trauma center, SDA Mission hospital, K.P.S Hospital and Shri Gurunanak Hospital as ENT. Surgeon.

Rtn. Dr. Ajay Mahajan, has held various positions at the club since he joined Rotary such as Youth avenue director, Hon. Secretary, Vice President (twice), Chairman – Club Polio committee and Co- Chair Club WINS. He was President (2020-2021) of Rotary Club of Surat and has received Best Club President award from the District. During his presidential year two permanent projects were setup – Rotary Club of Surat Dialysis centre and Rotary Club of Surat Women Empowerment centre, and also bagged 17 district awards.

At District level, he was District Chair (2021-2022) - EREY Promotion and District Cluster Coordinator (2021-2022) - Disease Prevention & Treatment. As a Cadre Member, he visited (Seoul) South Korea in year 2018 and (Bangkok) Thailand in year 2019.

He has participated in many health checkup camps and has examined around 6000 students under school health check-up program. His hobbies are photography, singing, travelling and running.

## Greetings




**14 Aug - Rtn. Dharmesh Varnamia**
**15 Aug - Rtn. Dimpal Ketan Jariwala**
**18 Aug - R/P Jyotsana Rajen Shah**